ઘ- પના ખાણીપીણી બજારની રોનક નિખરશે

ફુડકોર્ટની બાકી દુકાનો ફાળવવા માટે લાંબા સમય બાદ પ્રક્રીયા હાથ ધરાશે : અંદાજિત ૫૭ જેટલી દુકાનો બંધ હાલતમાં છે : દુકાનોની હરાજીના અંતે બજારમાં વધુ ધમધમાટ જોવા મળશે

ગાંધીનગર તા ૨૪

ઘ-૫ સ્થિત ફુડકોર્ટમાં બાકી રહેતી દુકાનો ફાળવવા માટે પણ ટુંકમાં હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે. ફુડકોર્ટમાં હાલની સ્થિતિએ અંદાજિત ૫૭ જેટલી દુકાનો ખાલી છે. જયારે લાંબા સમયથી આ દુકાનો ફાળવવામાં આવી નથી ત્યારે આગામી દિવસોમાં ઘ-૫ નુ ખાણી પીણી બજારની રોનક વધુ નિખરશે

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ઘ-૫ ની ફુડકોર્ટમાં હજુ મોટાભાગની દુકાનો ખાલી છે હાલ ફુડકોર્ટમાં જે દુકાનો ફાળવવામાં આવી છે તેમાં ખાણીપીણીનો વેપાર ધમધમી રહ્યા છે. ઘ-૫ નુ ખાણીપીણી બજાર વર્ષોથી શહેરમાં સ્વાદરસિયાઓ માટે આકર્ષણનુ કેન્દ્ર છે. જયારે અગાઉ લારી ગલ્લાના આધારે ધમધમતા આ બજારને કાયમી સ્થાન નિયત કરી દુકાનો ફાળવવા માટે સરકાર દ્વારા ફુડકોર્ટનુ નિર્માણ કરાયુ હતુ જો કે ફુડોકોર્ટની આ દુકાનો ફાળવવા માટે પણ લાંબા સમય સુધી કોઇ પ્રક્રિયા હાથ ધરાઇ ન હતી.આખરે પ્રક્રીયા હાથ ધરી કેટલાક સ્ટોલ ફાળવી દેવાયા હતા જયારે હજુ પણ અંદાજિત ૫૭ જેટલી દુકાનો ફાળવવામાં આવી નથી આ દુકાનો ફાળવવા માટે તંત્ર દ્વારા ટુંકમાં આયોજન કરાશે આ માટે તંત્ર દ્વારા હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે. અગાઉ ફાળવણીના અભાવે દુકાનો ખંડેર પણ બની ગઇ હતી જેના અંતે ફુડકોર્ટની દુકાનોને મરણપથારીએથી બેઠી કરવા પણ કામગીરી હાથ ધરવામાં આવી હતી જયારે હવે બાકી રહેતી દુકાનોને હરાજીથી ફાળવવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરાઇ છે. જેથી આગામી દિવસોમાં ફુડકોર્ટની બાકી દુકાનો પણ ધમધમતી થશે ઘ- ૫ વિસ્તારમાં સ્થિત ફુડકોર્ટમાં રજાના દિવસોમાં પણ વિશેષ ભીડ જોવા મળે છે. જયારે આ વિસ્તારમાં ફુડકોર્ટને આનુસંગિક પ્રશ્નો પણ સમયાંતરે ઉઠતા રહે છે દુકાનોની ફાળવણીની સાથે નિયમોનુ અમલીકરણ પણ યોગ્ય રીતે થાય તે પણ અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

‘‘સૌને માટે સુરક્ષા - સૌને માટે આરોગ્ય’’ની હેલ્લો એસ.ઓ.એસ. ગાંધીનગરથી ઉપલબ્ધ થશે

આંગળીના ટેરવે આ મહત્વની સેવા માટે તંત્ર સજ્જ : ટૂંકમાં મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ થશે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લો એ દેશનો અને રાજયનો પ્રથમ જિલ્લો બનશે જેમાં ‘‘સૌને માટે સુરક્ષા સૌને માટે આરોગ્ય’’ની સેવાઓ એસ.ઓ.એસ. સિસ્ટમથી ઉપલબ્ધ હશે.

જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ આજે આ અંગેની વિગતો આપતાં પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ૩૦૩ ગામ, ૪ નગરપાલિકા અને ૧ મહાનગરપાલિકાના વિસ્તારને આ સુવિધાથી આવરી લેવાશે. જિલ્લાની ૧૬.૬૫ લાખ વસ્તીને આ સેવાનો લાભ મળશે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે આ આખોય પ્રોજેક્ટ સોમાભાઈ ડોસાભાઈ ટ્રસ્ટ ઉપરાંત કેટલીક સેવાભાવી સંસ્થાઓ તેમજ દાતાઓના સહયોગથી અમલમાં આવી રહ્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે અમદાવાદ અને મુંબઈના કેટલાક વિસ્તારોમાં છુટા છવાયા વિસ્તારોના રહીશોને આ પ્રોજેક્ટ અમલમાં આવે તે પહેલા આવરી લેવાયા છે પરંતુ સમગ્ર જિલ્લાની તમામ પ્રજાને આવરી લેવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં લોકોની સલામતિ અને ઝડપી તબીબી સેવાઓ માટે એસ.ઓ.એસ. સેવાનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવનાર છે. આ પ્રોજેક્ટ ટૂંકમાં જ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લાના કોઈપણ સ્થળેથી મોબાઈલનું માત્ર એક બટન દબાવવાથી ૧૫ મિનિટમાં મદદ મળી રહેશે. આ માટે ખાસ ઈન્સ્ટ્રુમેન્ટ દરેક ગામમાં અપાશે. આ માટે કોઈપણ નેટવર્કની જરૂરીયાત નહિ હોવાનું પણ તેમણે કહ્યુ હતુ. ડિજીટલ પ્લેટફોર્મના માધ્યમથી વ્યક્તી અને સમૂહને સુરક્ષા આપી શકાય છે. જિલ્લાના વૃદ્ધ, અશક્ત, બિમાર વ્યક્તી, મહિલાઓ, અસલામત સ્થળે કામ કરતી મહિલાઓ અને શાળા કે આંગણવાડીના બાળકોને આકસ્મિક મદદ કરવાનો ધ્યેય છે.

તેમણે કહ્યુ હતુ કે આ સુવિધામાં મેડીકલ ઈમરજન્સી અને ક્રીટીકલ દવાઓ પણ દર્દીને ઘેર બેઠાં મળી શકે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં બે દિવસમાં ૧૩૦૦ તાવના દર્દી મળ્યા

બે દિવસના સર્વેલન્સમાં ૧૩૦૦થી વધુ તાવના દર્દી મળતા આરોગ્યતંત્રમાં હડકંપ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના બીજા દિવસે વધુ ૫૯૫ કેસ શંકાસ્પદ તાવના મળી આવ્યા છે. આમ બે દિવસના સર્વેલન્સમાં જ ૧૩૦૦થી વધુ કેસ મળતાં આરોગ્યતંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

આજે તંત્ર દ્વારા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૯,૮૩૬ મકાનોનો સર્વે કરાયો હતો જયારે સર્વેલન્સમાં ૧,૯૪,૧૮૦ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. જેમાં ૫૯૫ લોકોને શંકાસ્પદ તાવ જણાતાં તેમના લોહીના નમૂના મેફળવી તપાસ માટે મોકલી આપવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ટીમોએ ૯૮,૪૩૪ પાત્રોની ચકાસણી કરી હતી અને ૧૪૧૯ પાત્રોમાં મચ્છરોના બ્રિડીંગ મળ્યા હતા. આ બ્રિડીંગનો એન્ટી લારવેલની કામગીરી કરી નાશ કરવામાં આવ્યો હતો.

બે દિવસ દરમ્યાન ૨૮૦૦થી વધુ સ્થાનોએથી એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે. તંત્રએ આ વાતને ગંભીરતાથી લીધી છે અને આગામી દિવસો માટે નવો રોડમેપ તૈયાર કરવાની દિશામાં મન બનાવી લીધુ છે.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જોકે ડેન્ગ્યુના જે છુટાછવાયા કેસો મળી રહ્યા છે તે કેસોમાં પણ નિયમિત ફોલોઅપ મેળવવામાં આવી રહ્યુ હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

નવરાત્રી કાઉન્ટ-ડાઉન : ગુજરાતનું લોકપર્વ નવરાત્રીના આરંભના આડે હવે માત્ર ત્રણ જ દિવસ બાકી છે ત્યારે ગરબા ખેલૈયાઓનો ઉત્સાહ પરાકાષ્ટાએ પહોંચ્યો છે... મન ગમતા ચણીયા-ચોળી અને કેડિયા-ધોતી પહેરીને મસ્તીના માહોલમાં ગરબે રમવા યૌવન તત્પર દેખાય છે... ગુજરાતની ગલી-ગલીમાં મા-આદ્યશક્તિની આરાધનાનું મહાપર્વ ભાવ-ભક્તિપૂર્વક ઉજવવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે યુવાનો દર વખતે અલગ-અલગ ટ્રેન્ડના સ્ટેપ અને પહેરવેશ માટે ઉત્સુક હોય છે... વિશ્વનો સૌથી લાંબો નૃત્ય મહોત્સવ એટલે નવરાત્રી... નવ-નવ દિવસ સુધી ગામે-ગામ અને શહેરે-શહેર, શેરીઓમાં કે પાર્ટી પ્લોટમાં ગરબાની રમઝટ જામશે... ત્યારે અત્યારથી જ યુવાનો સ્ટેપ્સ અને ડ્રેસનું રિહર્સલ કરી રહ્યા છે...

ઘર આંગણે રોજ ગટરના દુષિત પાણીનો ભરાવો થતા

સે-૧૪ હાઉસીંગ સોસાયટીના રહીશોનો પાટનગર યોજના ભવનમાં હોબાળો

અનેક રજુઆતના અંતે પણ સમસ્યાનો ઉકેલ ન આવતા તંત્રને ચિમકી

ગાંધીનગર તા ૨૪

શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બની છે. સે-૧૪ હાઉસીંગ સોસાયટીમાં છેલ્લા ઘણાં સમયથી ઘર આંગણે જ ગટરના દુષિત પાણી ફરી વળતા ગુંગળામણ અનુભવતા સ્થાનિક રહીશો ગળે આવી ગયા છે. રહીશો પર રોગચાળાનો ખતરો મંડરાયો છે .જયારે અનેક રજુઆતોના અંતે પણ તંત્ર કક્ષાએથી કોઈ પગલા ન લેવાતા આજે સોસાયટીના રહીશોએ પાટનગર યોજના ભવનની કચેરીએ ઉગ્ર આક્રોશ વ્યકત કરી હોબાળો મચાવ્યો હતો.

શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યા વિકરાળ બની છે. નગરના સેકટરોમાં રોજબરોજ ગટરના દુષિત પાણી ફરી વળતા હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. સેકટરોના રહેણાંક વિસ્તાર સહીત કોર્મશિયલ વિસ્તારમાં પણ ગટરના દુષિત પાણી ફરી વળતા માર્ગો પર પણ ગંદા પાણીનો ભરાવો જોવા મળી રહ્યો છે. ગટરની સમસ્યાએ સેકટરોમાં અજગર ભરડો લીધો છે. આ સ્થિતિ વચ્ચે નગરજનો પર રોગચાળાનો ખતરો પણ મંડરાયો છે. જયારે ઘર આંગણે જ દુષિત પાણીનો ભરાવો થતા ગંદકીથી ગુંગળામણ અનુભવતા રહીશો માટે રહેવુ પણ મુશ્કેલ બની રહ્યુ છે. વરસાદી દિવસોમાં સેકટરોમાં ગટર લાઇન ખુલ્લી કરી દેવાતા બિનજરૂરી કચરો અંદર જવાના લીધે ગટર લાઇનનો પ્રશ્ન વધુ ગંભીર બન્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે કેટલાક ઠેકાણે ગટરોના ઢાંકણ પણ તુટી ગયા છે. આવા સંજોગોમાં માર્ગ સલામતી

● અનુસંધાન પાન-૭ પર

શાળા-સુરક્ષા સપ્તાહની ઉજવણીનો આરંભ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં શાળા-સુરક્ષા સપ્તાહની ઉજવણીનો પ્રારંભ ડિઝાસ્ટર મેનેજમેન્ટ તંત્ર દ્વારા થયો છે.

પાંચ દિવસ દરમ્યાન બાળકોને સુરક્ષા અંગેના વિવિધ પાસાંઓ બાબતે તેમજ વિવિધ આપદાઓને લઈ ખાસ તાલિમબદ્ધ કરવામાં આવશે.

બાળોકને આ તાલિમ આપવા માટે જુદા જુદા નિષ્ણાતો શાળાઓમાં જશે અને બાળકોને તદ્દન સરળતાથી તેમની ભાષામાં જ સમજૂત કરવામાં આવશે એટલુ જ નહિ તાલિમબદ્ધ પણ કરવામાં આવશે. ગાંધીનગર શહેરમાં સેક્ટર-૨૪ની પ્રાથમિક શાળા નં. ૨ ખાતે અધિક નિવાસી જિલ્લા કલેક્ટર એચ.એન. જાડેજાએ આ સપ્તાહની ઉજવણીનો આરંભ કરાવ્યો છે.

આ પ્રસંગે જિલ્લાના વિવિધ અધિકારીઓએ પણ હાજરી આપી હતી. જિલ્લામાં દર વર્ષે ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા આવી તાલિમ આપવામાં આવે છે.

આરટીઓમાં સતત બીજા દિવસે ટ્રેક બંધ રહેતા વાહનચાલકો પરેશાન

શુક્રવારે ટ્રેક પર ટેસ્ટ લેવાશે : અરજદારોને મોબાઇલ પર મેસેજથી જાણ કરાશે

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં આજે પણ સર્વર ડાઉન રહેતા ડ્રાઈવીંગ ટ્રેક પર ટેસ્ટની કામગીરી થઈ શકી ન હતી. ગઈકાલે પણ ડ્રાઈવીંગ ટ્રેક બંધ રહેવાથી અરજદારો ધક્કે ચઢયા હતા જયારે આજે સતત બીજા દિવસે પણ લાયસન્સના ટેસ્ટ અંગેની કામગીરી થઈ નથી. જયારે આ દરમિયાન બાકી રહેતા અરજદારોના ટેસ્ટ આગામી શુક્રવારે લેવાશે. જયારે આ ટેસ્ટ અંગે અરજદારોને મોબાઈલ પર જાણ કરવામાં આવશે તેમ પણ આર ટી ઓ કેચરીના અધિકારીએ જણાંવ્યુ છે.

ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી હાઈટેક અને પેપરલેસ હોવાની વાતો વચ્ચે અનેકવાર અરજદારોએ દુર દુરથી ધક્કા ખાવાનો વારો આવે છે ટેકનિકલ ખામીથી ઘેરાયેલી રહેતી આર ટી ઓ કચેરીમાં આમ તો અરજદારોએ ડગલે ને પગલે દુવિધાઓ વેઠવી પડે છે. વાહનોની નોંધણીથી લઈ હાઈસિક્યુરીટી નંબર પ્લેટ મેળવાનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે. એકબાજુ સરકાર નિયમો બતાવી વાહનચાલકોને કડક ટ્રાફિક નિયમન માટે ઢંઢોળે છે . આ માટે નવી દંડ નીતિ પણ ઘડવામાં આવી છે. આગામી મહીનામાં નવા નિયમો મુજબ આકરો દંડ પણ વસુલાશે ત્યારે હાલ આ નિયમન માટે સજજ થતા વાહનચાલકોએ રોજબરોજ સમય વેડફવો પડે છે. અનેકવાર ધક્કે ચઢયા બાદ પણ તેમના કામ થતા નથી. આર ટી ઓ કચેરીમાં પણ આ સ્થિતિ છે. આર ટી ઓ કચેરી સોમ સાજી અને મંગળ માંદી એવો ઘાટ છે.

રોજ બરોજ આવતા અરજદારો માટે ટ્રાફિક નિયમન માટે નિયમોનો અમલ કરવુ સરળ છે પરંતુ આર ટી ઓ કચેરીના વહીવટના લીધે વાહનચાલકોની હાલત ફુટબોલ જેવી થાય છે. આજે પણ ગઈકાલની જેમ સર્વર ડાઉન રહેતા વાહનચાલકોના કામ થયા ન હતા. આખરે આર ટી ઓ કચેરી દ્વારા આ મામલે એક નોટીસ પણ ચિપકાવી દેવામાં આવી છે આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન રહેતા ટ્રેકની કામગીરી બંધ છે જયારે આગામી શુક્રવારે ટ્રેકના ટેસ્ટ માટે વાહનચાલકોને મોબાઈલ પર મેસેજ કરી જાણ કરવામાં આવશે.

પ્રધાનમંત્રીના હસ્તે રાજકોટ ખાતે એઈમ્સનું લોકાર્પણ થશે

ગાંધીનગર,તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી બીજી ઓક્ટોબર એટલે કે ગાંધી જયંતિના દિવસે રાજકોટની મુલાકાત લેવાના છે. જ્યાં તેઓ સિવિલ હોસ્પિટલનું લોકાર્પણ કરશે અને તેઓ એઈમ્સનું ખાતમુહૂર્ત કરવાના છે. મોદી સરકારના પ્રથમ પાંચ વરસમાં ગુજરાતમાં અનેક પ્રોજેક્ટ મંજુર થયા છે. જેમાં સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત ટર્મમાં રાષ્ટ્રિય કક્ષાની અતિ આધુનિક આરોગ્ય સુવિધા અને ટેલન્ટ ધરાવતી એઈમ્સ હોસ્પિટલ આપવાનું જાહેર કર્યુ હતું. આ એઈમ્સ હોસ્પિટલના ભૂમિ પૂજન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટ આવશે. રાજકોટ કે સૌરાષ્ટ્ર જ નહીં સમગ્ર ગુજરાતને ગૌરવ લેવા સમાન એઈમ્સ હોસ્પિટલનું નિર્માણ થશે. ગાંધી જયંતિના દિવસે જ વડાપ્રધાન મોદી અમદાવાદ સ્થિત સાબરમતીના કિનારે આવેલા ગાંધી આશ્રમની મુલાકાત કરવાના છે. તો રાજકોટમાં વડાપ્રધાન મોદી કબા ગાંધીના ડેલાની મુલાકાત લેવાના છે. કબા ગાંધીના ડેલામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું બાળપણ વિત્યુ હતું.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com